## સલામી સવારની..



**સુપ્રભાતમ્**
**સુરેશ પ્રા. ભટ્ટ**
079-23226251

*લ્યો! દારૂબંધી જેમ, હવે ગુંડાબંધી થઈ જશે!*
*લ્યો! પછી બારે રેસે કોણ ? - ગુંડાબંધી થઈ જશે!*
*લ્યો! રામરાજ પછી હવે ગુંડાબંધી થઈ જશે!*
*લ્યો ! ખોલો નવી જેલો! હવે ગુંડા બંધી થઈ જશે!*
*('કોરોના' હોસ્પિટલોને હવે જેલોમાં તબદીલ કરો!)*

**હાઈકુ**

*શેખચલ્લીને*
*આવે છે રોજ 'તુક્કા'*
*નવા નક્કોર!*

*સ્થપાઈ જશે -*
*વગર મહેનતે -*
*લ્યો ! રામરાજ...*

### ચિંતન

*યસ્ય ચિત્તં દ્રવીભૂતં કૃપયા સર્વજન્તુષુ ।*
*તસ્ય જ્ઞાનેન મોક્ષેણ કિં જટાભસ્પલેનૈઃ ॥*

ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

જેવું મન પ્રાણીમાત્ર પર દયાથી પીગળી જાય છે, તેને જ્ઞાન મોક્ષની પ્રાપ્તિ તથા જટા ધારણ અને શરીર પર ભસ્મ લગાડવાથી શું આવશ્યકતા છે?

અર્થાત્ જે વ્યક્તિના મનમાં પ્રાણીઓના કષ્ટોને જોઈને દયાભાવ આવે છે, તેને જ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિ કરવા માટે તપની આવશ્યકતા નથી.

માણસ સજ્જન-નમ્ર-વિવેકી અને પ્રાણી માત્ર તરફ દયા ભાવ રાખનાર હોય અને મુક્તિ માટે કોઈ પણ પ્રકારનો બાહ્ય દેખાવ - દંભ કે આચાર-વર્તન કરવાની જરૂર નથી. દયાવાન વ્યક્તિને મુક્તિ મળે જ છે.

### સુવિચાર

- જિંદગી કી 'થકાન' મેં, ગુમ હો ગયા, વો અલફાઝ જીસે 'સુકુન' કહતેં હૈ - **બી એન દસ્તૂર**
- વર્તન પહેલાં વિચાર આળે તો કયારેય કરેલા વર્તન માટે વિચાર ન કરવો પડે - **એસ ભટ્ટાચાર્ય**
- તમારા નિયંત્રણ બહાર છે તેવા બનાવો,
  અને તમે જાતે ઊભા કર્યા હોય તેવા બનાવો વચ્ચેનો તફાવત જાણવો ખૂબ જરૂરી છે - **બાબેરા શેર**
- 'મારા જીવન વિશે મારે શું કરવું જોઈએ??' એ પ્રશ્ન પર વિચાર કરવો એ માત્ર ઉત્પાદક મુદ્દો જ નથી. તે એક નૈતિક આદેશ પણ છે - **પ્રોફેસર ચાર્લ્સ બ્રેકેટ**
- 'મેચ્યોર' હોવું એટલે શું ? આપણી આંખોને કાબુમાં રાખી બીજાની લૂછવાની - **જીવનપાથેય**
- સંબંધોનો સમાવેશ ત્યાં હોય છે,જયાં ભૂલો ભૂલવાની સમજણ હોય છે - **કાંતિ ભટ્ટ**
- આજનું ઔષધ : ત્રીફળા ચૂર્ણ અને કડવા લીમડાના પાન ઉકાળી તે પાણીથી ભગંદર ને ધોવાથી જીવાણું નષ્ટ થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જુલ્મ કરનારો જેના પર જુલ્મ કર્યો હોય તેનાથી વધુ સમય સલામત રહી શકતો નથી, કારણ કે સૌને પોતાની સલામતી સુરક્ષા વ્હાલી હોય છે. એક ગરુડ અને શિયાળ. સારા પડોશીની જેમ રહેતા હતા. ઊંચા વૃક્ષની ટોચે ગરુડનો માળો અને એ જ ઝાડના થડની એક બખોલમાં શિયાળ રહે. એક દિવસ ગરુડને એના બચ્ચા માટે કશો ખોરાક મળ્યો નથી. એ વખતે શિયાળ બખોલમાં ન હોઈ ગરુડ શિયાળના એક બચ્ચાને ઉઠાવીને ગરુડ પોતાના માળામાં લઈ આવ્યું. ગરુડને હતું કે એનો માળો ઊંચાઈ પર હોવાથી શિયાળ ધારે તો પણ બદલો લઈ શકશે નહીં. ગરુડ હજી શિયાળના બચ્ચાને કંઈ કરે તે પહેલાં શિયાળની બુમ સાંભળી. શિયાળે ગરુડને બચ્ચું પાછું આપવા વિનંતી કરી પણ ગરુડ સાંભળવા તૈયાર ન હતું. શિયાળ નજીકના એક ખેડૂતના ખેતરમાંથી સળગતા તાપણાનું એક લાકડું લઈ આવ્યું. એણે એ લોકડાથી પેલા વૃક્ષને આગ ચાંપી આગની જવાળા અને ધુમાડો ગરુડના માળા સુધી પહોંચ્યો. ગરુડને પોતાનાં બચ્ચાની ચિંતા થવા લાગી. આથી એણે શિયાળને પેલું સળગતું લાકડું દૂર કરવા અને આગ બુઝાવવા વિનંતી કરી. અને છીનવી લીધેલું બચ્ચું શિયાળને હેમખેમ પાછું આપ્યું.

# ટ્રમ્પ હવે મોદીકાર્ડ ઉતરે છે

**તંત્રીસ્થાનેથી...**

શરૂથી જ વિવાદમાં રહેતા આવેલા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખને ડેમોક્રેટ ઉમેદવાર બાઈડન જબરદસ્ત ટક્કર આપી રહ્યા છે. ટ્રમ્પની છાપ વગર વિચાર્યે ઊડઝૂડ નિવેદનો કરનારા ચલતા પૂર્જા રાજકારણીની છે. એ ક્યારે કેવું બાફી મારશે એની વ્હાઈટ હાઉસના અધિકારીઓને સતત ચિંતા રહ્યા કરે છે. ચાર વર્ષ અગાઉ એ નવાસવા રાજકારણી તરીકે સીધા પ્રમુખપદની હરિફાઈમાં ઊતર્યા હતા. અમેરિમાં સંપત્તિની ભૂખ ધરાવતી દેશવિદેશની પ્રજાઓનો ઝમેલો છે. સ્વમાન છોડીને આડાઅવળા રસ્તે આ 'તકોની ભોમકા' ગણાયા દેશમાં પ્રગતિવાંચ્છુ લોકોનો જંગી જથ્થો ખડકાતો રહે છે. ટ્રમ્પ માટે ગઈ ચૂંટણી વખતે આ મુદ્દો ચૂંટણી જીતવા માટે કારગત નીવડ્યો હતો. બહારની અલાબલા અમેરિકાના મૂળ નિવાસીઓના હક્કો ડુબાડી રહી છે, અમેરિકન યુવાનોને મળવાપાત્ર રોજગાર એ લોકો ખૂંચવી લે છે અને 'મોટા ભા' થવાની લાયમાં અમેરિકા આવી ભૂખડી બારશ પાછળ લૂંટાયું રહે છે - એવા આર્થિક મુદ્દાને કેન્દ્રમાં રાખી એમણે અદલ મોદીની 'ઈંડિયા ફર્સ્ટ' સ્ટાઈલમાં 'ઈમેરિકા ફર્સ્ટ' નું સૂત્ર ગૂજતું કર્યું હતું. ભારતીય મૂળના આમેરિકન નાગરિકો મોદીથી અંજાયેલા હોઈ એમની જૂની પસંદગીની ડેમોક્રેટીક પાર્ટીને બદલે રિપબ્લિકન પાર્ટીના મોદી મિત્રની મદદે ધાયા હતા. એમ તો બરાક ઓબામાને પણ નરેન્દ્ર મોદી વડનગરની દેશી, ગામડિયા સ્ટાઈલમાં નામથી બોલાવતા રહ્યા હતાં અને અત્યારે 'દો ગજ કી દૂરી'નું સૂત્ર આપનારા ભારતીય વડાપ્રધાન જયાં જાય ત્યાં સામેના નેતાને ગમે કે ના ગમે, પણ સીધા જ પરભવના પિતરાઈને મળી રહ્યા હોય એમ કચકચાવીને ભેટી પડતા હતા. હસ્તધૂનન કરે તો પણ સામા માણસોનો હાથ ત્યાં સુધી દબાવી રાખતાં જયાં સુધી પેલો બળ વાપરીને ખેંચી ન લે. 'બરાક'ના મિત્ર પવન ફરે એમ ફર્યા અને 'ડોનાલ્ડ'ના દોસ્ત બની ગયા. ટ્રમ્પ વધુ અનુકૂળ હતા કારણ કે એ રાજકારણી કરતાં સવિશેષ વેપારી હતા, અંબાણી જેટલા મોટા ગજાનાં નહીં પણ પ્રમાણમાં પહેલી હરોળના ઉદ્યોગપતિ હતા. વળી એમને કાળિયાઓ અને મુસલમાનો પ્રત્યે સખત નફરત હતી. મનુવાદીઓનો વર્ણાશ્રમ અમેરિકામાં નવી આવૃત્તિ પામ્યો છે. રંગભેદ અને વંશીય ભેદભાવનું ઝેર ટ્રમ્પ માટે અમૃત સંજીવની બની રહ્યું, એમને ગોરી અમેરિકન બહુમતીનો ટેકો મળી ગયો અને એક અડધા મગજનો માણસ વિશ્વની શ્રેષ્ઠ લોકશાહીનો બૉસ બની ગયો. ટ્રમ્પનાં સેક્સ સહિતના મુદ્દાઓનાં ગતકડાં જાણીતાં છે. એ એક એવા રાષ્ટ્રપ્રમુખ છે જે પોતાની પુત્રીના શારીરિક સૌંદર્યથી પણ રોમાંચ અનુભવે છે. હવે તો તેઓ પુત્રી ઈવાન્કાને ભાવિ પ્રથમ મહિલા રાષ્ટ્રપ્રમુખ માટેની સૌથી લાયક કેન્ડિડેટ તરીકે રજૂ કરવા લાગ્યા છે. ટ્રમ્પને ભારતીય મૂળના નાગરિકોના મતો મળી રહે એ માટે છેલ્લાં વર્ષો દરમિયાન 'હાઉડી મોદી' અને 'નમસ્તે ટ્રમ્પ' જેવા કાર્યક્રમો લખલૂટ ખર્ચે યોજાયા રહ્યા છે. ટ્રમ્પે જાહેરમાં મોદીને પોતાના સારા મિત્ર અને ઉત્તમ નેતા તરીકે બિરદાવ્યા છે. મોદીના નામે ટ્રમ્પ નામનો પથરો ચૂંટણીની વૈતરણી તરી જશે તો તે લોકશાહીની મોટી વિડંબના લેખાશે. ટ્રમ્પે વારંવાર ભારત અને ચીનને એક ત્રાજવે તોળ્યાં છે. એ જુદી વાત છે કે ચીન સાથે એમની સીધી ટક્કર છે જયારે ભારત એમને ભેટીને ઊભું છે અને જ્યાં સુધી એમને એ ભીંસ અસહ્ય નહીં લાગે ત્યાં સુધી ભારત એમને વળગી રહેવામાં શ્રેય જોઈ રહ્યું છે. ડેમોક્રેટ ઉમેદવાર બાઈડને એમના નાયબ તરીકે કમલા હારિસ જેવાં પ્રખર ભારતીય મૂળનાં મહિલાને પસંદ કરીને ટ્રમ્પની ઊંઘ હરામ કરી દીધી છે. ઈન્ટરનેશનલ પ્રોટોકોલ નડતો ન હોત તો ધરાર ટ્રમ્પ માટે નરેન્દ્ર મોદીની રેલીઓ યોજાત એમાં શંકાને સ્થાન નથી !

# રાજ્ય સરકારનો મહિલા અનામત અંગેનો વિવાદાસ્પદ ઠરાવ રદ કરતી નામદાર ગુજરાત હાઈકોર્ટ

## મહિલા પીઆઈની ભરતીનો ગુજરાત સરકારનો ૧-૮-૨૦૧૮નો વિવાદાસ્પદ ઠરાવ રદ જાહેર કરતી ગુજરાત હાઈકોર્ટ



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

ગુજરાત સરકારનો તારીખ : ૧-૮-૨૦૧૮ નો વિવાદસ્પદ ઠરાવ નામદાર ગુજરાત હાઈકોર્ટે રદબાતલ ઠરાવતો હુકમ કરેલ છે જે મુજબ અનામત વર્ગની મહિલાને મેરીટ મુજબ જનરલની યાદીમાં સમાવેશ થાય તો પણ મહિલા અનામતના અમલ સમયે આ મહિલા ઉમેદવારની ગણતરી તેમના અનામત વર્ગમાં જ કરવી જેના લીધે મહિલા અનામતનો અમલ યોગ્ય રીતે થતો ન હોવાનો મુદ્દો ઉઠયો હતો. આ હાઈકોર્ટમાં ઉમેદવારોએ અરજી ગુજારતા નામદાર હાઈકોર્ટે સદરહુ વિવાદસ્પદ ઠરાવ જે જનરલ કેટેગરીની ઉમેદવારોને નુકશાન કરતા હોવાનું ગણી રદ બાતલ ઠરાવતો હુકમ કરી રાજ્ય સરકારને સદરહુ હુકમનો અમલ કરવા તથા તે પ્રમાણે મેરીટ લીસ્ટ ગણી બાકિ રહેલ મહિલા ઉમેદવારોને ઈન્ટરવ્યુ કાઢવા હુકમ કરી તે પ્રમાણે ભરતી કરવા આદેશ જારી કર્યો છે.

વર્ષ ૨૦૧૭ માં બહાર પાડેલ બીન હથીયારધારી પોલીસ ઈન્સ્પેકટરની ભરતીમાં મહિલા અનામતનો યોગ્ય રીતે અમલ ન થતા રાજ્ય સરકારના ૧-૮-૨૦૧૮ ના વિવાદસ્પદ ઠરાવની ૧૨ અને ૧૩ ની જોગવાઈ સામે હાઈકોર્ટમાં પીટીશન કરવામાં આવેલ જે અન્વયે હાઈકોર્ટે ઠરાવની ૧૨ અને ૧૩ ની જોગવાઈઓ રદબાતલ ઠરાવતા જનરલ કેટેગરીની મહિલા ઉમેદવારોને ન્યાય મળેલ છે.

હાઈકોર્ટે અવલોકન કરતા ઠરાવ્યું કે સરકાર આ ઠરાવની જોગવાઈઓએ ભરતીના નિયમોથી અને સુપ્રિમ કોર્ટના ચુકાદાથી વિપરીત છે. જનરલ કેટેગરીમાં મહિલા અનામતની જે જગ્યાઓ છે તેમાં ગુજરાત રાજયની કોઈપણ કેટેગરીની મહિલાઓનો સમાવેશ થઈ શકે છે. મેરીટ મુજબ અનામત કેટેગરીની કોઈપણ મહિલાને જો જનરલ મહિલા અનામતની કેટેગરીમાં સમાવેશ થાય છે તો તેને અનામત કેટેગરીમાં ગણવી નહિ પરંતુ જનરલ કેટેગરીની મહિલા જ ગણવી. સામાન્ય રીતે જનરલ કેટેગરીની જગ્યાઓ માટે કોઈ અનામત નથી જો મહિલા અનામત કેટેગરીમાં આવતી નથી તેમના માટે રાજય સરકારે તેમના ૧-૮-૨૦૧૮ ના ઠરાવ દ્વારા પાછલા બારણેથી હોરીઝોન્ટલ રીઝર્વેશન (સીધી લાઈનની અનામત) લાવવાનો પ્રયાસ કર્યો છે જે ગેરકાયદેસર તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ના વિસંગત અને વિરૂધ્ધ છે જે રદબાતલ થવો જ જોઈએ.

૧-૮-૨૦૧૮ ના રાજય સરકારના ઠરાવના કારણે મહિલા અનામતનો યોગ્ય રીતે અમલ થયો ના હોવાથી સીગલ જજશ્રીની કોર્ટમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અરજી થઈ હતી જેમાં સીંગલ જજશ્રીએ રાજય સરકારને આદેશ કરેલ કે જીપીએસસી ઠરાવ પ્રમાણે કામ કરે આ આદેશની સામે હાઈકોર્ટની ખંડપીઠમાં અરજી થઈ હતી જેમાં જીપીએસસી અને સરકાર દ્વારા રજુઆત કરવામાં આવી હતી કે આ ઠરાવ એ ભરતીના નિયમોથી વિપરીત છે. સદરહુ ભરતીનો ખુબ જ મોટો વિવાદ થતા આંદોલનનું સ્વરૂપ જનરલ કેટેગરીના ઉમેદવારોએ કરી હડતાલ ઉપર ઉતરતા રાજય સરકારે મધ્યસ્થીઓ દ્વારા દરેક સમાજના અગ્રણીઓ સાથે સમાધાનકારી વલણ અખત્યાર કરી કોઈ જ જ્ઞાતીના ઉમેદવારોને અન્યાય ના થાય તે માટે ઉમેદવારોની ભરતીની સંખ્યામાં વધારો કરી જનરલ કેટેગરીના ૩૩ ટકા મહિલા અનામતની યાદી હાઈકોર્ટની સૂચના મુજબ બનાવી પુરતા મહિલા ઉમેદવાર ન હોય તો જનરલ કેટેગરીના મહિલાઓને ઉમેદવાર અને યદી પૂર્ણ કરવાનો હુકમ કરેલ છે. જનરલ કેટેગરીના ઉમેદવારોની યાદી બનાવ્યા બાદ તેમાં અનામત કેટેગરીના ઉમેદવારોનો સમાવેશ થઈ શકે છે. મહિલાઓની જરૂરી સંખ્યાને ભરવા માટે પુરૂષ ઉમેદવારોને તેટલી સંખ્યામાં રદ કરવા હુકમ કરતા હવે પુરૂષ ઉમેદવારો ફરી હાઈકોર્ટના શરણમાં જશે તે નક્કિ છે. સદરહુ યાદીમાં કોઈપણ વર્ગની મહિલાનો સમાવેશ કરવા જણાવાયુ છે.

એસ.સી. મહિલા ઉમેદવારો ખુટતા હોય તો આ જગ્યા છેલ્લા એસ.સી. પુરૂષ ઉમેદવારોને હટાવી ભરવાના હુકમથી પુરૂષ ઉમેદવારોને ચોક્કસ અન્યાય થશે. આ જ પેર્ટન પ્રમાણે એસ.ટી. અને એસઈબીસી મહિલા અનામત ઉમેદવારોની યાદી પણ બનાવવા હાઈકોર્ટે જણાવ્યું છે.

૧-૮-૨૦૧૮ ના ઠરાવથી અન્યાય થનાર મહિલા ઉમેદવારોનું આ ઠરાવથી ૨ વર્ષ જીવન પાછુ ધકેલાય ગયેલ તેનું નુકશાન ભરપાઈ કરવાનો હુકમમાં કોઈ જ ઉલ્લેખ હાઈકોર્ટે કરેલ નથી.

**અનુસંધાન પાના નં ૭ પર**

# અહીં સૌ છે ખેલૈયા ને, ખેલનારો છે અનંત, હારજીતના પાઠ પઢાવે એ, શિક્ષક છે કે સંત



**WhatsApp ઑફ ધી વીક**
**નેહલ ગઢવી**

'અહીં સૌ છે ખેલૈયા ને, ખેલનારો છે અનંત,
હારજીતના પાઠ પઢાવે એ, શિક્ષક છે કે સંત.'
- ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

ગઈકાલે શિક્ષક દિન નિમિત્તે શિક્ષકોનું મહત્ત્વ સમજાવતા કેટલાય મેસેજિસ સોશિયલ મિડીયામાં ફરતા જોવા મળ્યા. પણ જિંદગીની આ પાઠશાળાના સાચા શિક્ષકો સમું જીવન જીવતા ગુરુદેવો આજના જમાનામાં દુર્લભ જણાય છે. એવા જ એક સામાન્ય છતાં અસાધારણ વ્યક્તિની વાત અહીં મનુભાઈ પંચોલી નોંધે છે ! વાંચતા વાંચતા આંખના ખૂણે સ્હેજ ભેજ બાઝી આવે તો તમારામાં હજુ સંવેદના ધબકી રહી છે તેમ જાણવું !

શરદચંદ્ર તો સાહિત્યસ્વામી છે. આપણે જે સામાન્ય લોકો કહેતા હોઈએ તેવા લોકો તરફ એમની સહાનુભૂતિ, અનુકંપા અને શ્રદ્ધાનો કોઈ પાર નથી. એટલે એમની વાર્તામાં નાયકો અને નાયિકોઓ ઘણી વાર સમાજનાં ઓરમાયા વર્ગનાં હોય છે. 'અંધારે આલોક' અને એમની વિખ્યાત નવલ 'શ્રીકાંત' એના દાખલા છે.

આ બધું વાંચ્યું છે, રસપૂર્વક વાંચ્યું છે. પણ તે વખતે મનમાં એમ થતું કે, આ બધું અદ્‌ભૂત રીતે લખાયું છે એની ના નહિ; પરંતુ આ નવલકથામાં આવે છે એવી સ્ત્રીઓ અને એવાં અસામાન્ય સામાન્યજનો ખરેખર હશે ખરાં? કે પછી મહાપુરુષોને હાથે પથ્થરની પ્રતિષ્ઠા થાય તો પણ પૂજાય, એવું તો આ નહિ હોય ને? એમની અનુકંપાએ એમનાં પાત્રોને વધારે પડતો રંગ તો નહિ ચડાવ્યો હોય? પરંતુ હમણાં ફરતાં ફરતાં શરદચંદ્રની શ્રદ્ધાને સાચી ઠરાવતા એકાદ બે કિસ્સા પ્રત્યક્ષ જોવા મળ્યા.

... ગામ ગયો હતો ક પટેલ અનુભવી ને આબરુવાળા. શેરડી ખાતાં ખાતાં વાતો ચાલતી હતી. મેં કહ્યું : 'મારે તમને એક વાત કહેવી છે. બાજુના ગામમાં ગયો હતો, ત્યાં... પટેલને તો તમે ઓળખો છો. એણે એની વહુને હમણાં કાઢી મૂકી છે. કહે છે કે છોકરાં ઊઝરતાં નથી, એટલે બીજી કરવાનો વિચાર છે. એ તો ઠીક, પણ બાઈ એના પિયરથી હજાર-બે હજારનું ઘરેણું લઈને આવેલી; હવે એ ઘરેણું પણ નથી આપતો ને જિવાઈ પણ નથી આપતો. તમારી નાતે આવા કિસ્સામાં વચ્ચે પડવું જોઈએ.'

'એ તો બહુ કહેવાય, હળાહળ કળજુગ જ આવ્યો છે ને! ઘરનું માણસ, કેટલાં તડકાં-છાયડાં હારે કાઢ્યા હોય, તોય આમ કેમ થતું હશે ? સાળું, માણસ પોતાના જૂના ઢાંઢાને ય આમ કાઢી નથી મૂકતો !'

મેં કહ્યું, 'હવે કાઢી મૂકવાનું કયાં લેવા જાવું પડે એમ છે? એ બાબતમાં કાળજાં કઠણ થઈ ગયા છે.'

'સાચી વાત છે. જમાનો એવો આવ્યો છે કે આબરૂસોતા એના (પરમાત્માના) ધામમાં પહોંચી જઈએ તો ઘણું કહેવાય... અમારા ઘરમાં જ હજુ કાલ બોલાચાલી થતાં રહી ગઈ.'

'શું ?' મારાથી બોલી જવાયું.

'અમારી ભાણેજવહુ છે, એના સારું કંઈક લૂગડું આવેલું, તે બૈરાંનો જીવ...' કહી થોડી વાર એ થંભી ગયા. શેરડીનો કટકો હાથમાં રહી ગયો. પછી કહે : 'મારે એક બહેન હતી. પરણાવી, પણ આદમી કાંઈક સ્થિતિએ દૂબળો એટલે જમીન પર અમે પડખેના ગામમાં લઈ દીધેલી. પરણાવ્યા પછી ચારેક વર્ષે બહેન દુઃખાણી. દોઢ વરસનો ભાણો, એટલે અમે ઘેર લઈ આવ્યા. ત્યાંની ખેડ અહીંથી જ અધવારું કરીને સંભાળી. થોડાં વરસે બહેન પણ પાછી થઈ. ભાણો અમારી ભેગો રહ્યો, ખેડ શીખ્યો. ભાણો પણ જોઈન કાળજું ઠરે એવો. સત્તર-અઢાર વરસનો થયો એટલે પરણાવ્યો. બાઈ આણું આવી, એટલે એમને ગામ મોકલીને ત્યાં વસાવ્યાં ને ખેડ શરૂ કરાવી. ભાણાને ઘરે દીકરો આવ્યો... પણ ભગવાનને કરવું છે ને? વાત જોડી કાઢેલી લાગે,પણ ત્રીજે જ વરસે ભામોય પાછ થયો. પહેલાં બહેન ને ભાણો આવ્યાં'તાં, એમ આ ભાણેજવહુ ને એનો દીકરો આવ્યાં. ખેતીનું પેટ મોટું, તે સૌ મહેનત કરે તો ગદરી ખાય. ખેતી ઉપર ઈશ્વરની દયા છે. બહેનને હું અહીં તેડી લાવેલો તે દિવસથી મેં એક નીમ લીધેલું કે ઘરમાં બાઈયું માટે, છોકરાં માટે, કાંઈક લૂગડું-ચીંથરું, ચીજ-વસ્તુ લાવવાની હોય તો એક નંગ વધારે જ લાવવું. વીસ-પચીસ વરસ થઈ ગયાં, પણ મારી સાંભરણમાં કોઈ દી હું એમને ભૂલ્યો નથી કે વહેરોવંચો થાવા દીધો નથી. પણ કાલ સાંભળ્યું કે ભાણેજવહુને માટે ઘરમાં કંઈક લૂગડું આવ્યું હશે ત્યારે નાના દીકરાની વહુએ એમ કહી નાખ્યું હશે કે, 'આવાં ને આવાં ખરચ - ગોળ ને ખોળ સો સરખાં !' ભાણાની વહુના સાંભળતાં આમ બોલ્યાં તે એણે બે આંસુ પાડ્યાં હશે. ભગવાન ! ભગવાન ! એને એટલીયે ખબર ન પડી કે ગોળ તો મીઠો મધ જેવો લાગે, ને વેણ તો કડવી નઈ જેવાં કાઢ્યાં...! પણ તોય અમારા ઘરમાં ભારે સંપ.'

હું પાછળથી પૂરું ધ્યાનપૂર્વક સાંભળતો નહોતો. વિચારે ચડી ગયેલો કે આ માણસે જે પુણ્યકાર્ય કર્યું છે, તેને કયાં પ્રકારનો યજ્ઞ કહેવો ? રાજસૂય, સર્વમેધ, વિશ્વજિત કે કયો યજ્ઞ આની તોલે આવે ? પહેલં બહેન અને ભાણેજને સમાવ્યા. ખાવાનું જ આપ્યું એમ નહિ - એ તો અનાથાશ્રમો પણ આપે છે - પણ પ્રેમ આપ્યો, ગરૌવ આપ્યું, જીવનનો મહિમા આપ્યો. ને એ કામ પૂરું થયું, 'હવે આપણે છૂટાં' એમ માન્યું, ત્યાં વળી 'પુનશ્ચ હરિ ઓમ્' જેવું થયું. હજી એ બાળક ચાર વરસનું છે, તેને અઢાર વરસનું કરવું પડશે. લાંબા ચૌદ વરસ ! ભણભલાની છાતી બેસી જાય, પણ આને તો વિચાર જ નથી. એણે કહ્યું કે ખેતીનું પેટ મોટુ, એટલે સૌ સમાઈ જાય. એ વાત સાચી છે. મધ્યમ વર્ગમાં આવું બન્યું હોય તો નભાવવું મુશ્કેલ હોય છે. કેમ કે એમાં એક જણ કમાનાર ને બાકીનાં સૌ ખાનાર હોય છે. પણ છતાંય ખેતી કરનારનું દિલ પણ મોટું હોવું જોઈએ. સગા ભાઈને અરધો ચાર જમીન વધારે ન આપવા માટે, એટલી જમીનની કિંમત કરતાં વીસ-વીસ ગણાં નાણાં કોરટ-કચેરીમાં ખર્ચીને પાયમાલ થનાર ખેડૂતો પણ પડ્યા જ છે ને?

- મનુભાઈ પંચોળી

લાસ્ટ સીન :
ખમે છે ભાર જે મારો હું એ કણ-કણનો ઋણી છું,
છતાં માતા-પિતા, શિક્ષક- વિશેષ એ ત્રણનો ઋણી છું.
- સંદીપ પુજારા

- nehalgadhavi101@gmail.com

# વિશ્વમાં ખેડૂતોની આત્મહત્યાની રાજધાની એટલે ભારત



**અતિતની આજ**
**ડૉ. હરિ દેસાઈ**

ભારતમાં સત્તા કોઈપણ રાજકીય પક્ષની હોય તમામ રાજકીય શાસકોનું મસ્તક શરમથી ઝૂકી જાય એવા સત્તાવાર આંકડા હજુ હમણાં જ કેન્દ્ર સરકારના નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યૂરો (એનસીઆરબી)એ જાહેર કર્યા છે. વર્ષ ૨૦૧૬થી આ બ્યૂરોના આંકડા જાહેર કરવાનું લગભગ બંધ કરી દેવામાં આવ્યું હતું, પણ સપ્ટેમ્બર ૨૦૨૦ની શરૂઆતમાં આ આંકડા જાહેર થતાંની સાથે જ સરકારી તંત્ર કેટલું અસંવેદનશીલ છે એ સ્પષ્ટ થઈ ગયું છે. ભારતમાં વર્ષ ૨૦૧૫માં કુલ આત્મહત્યાના કેસ ૧૩૩૬૨૩ નોંધાયા.વર્ષ ૨૦૧૬, ૨૦૧૭, ૨૦૧૮ અને ૨૦૧૯માં અનુક્રમે ૧૩૧૦૦૮, ૧૨૯૮૮૭, ૧૩૪૫૧૬ અને ૧૩૯૧૨૩ વ્યક્તિઓએ આત્મહત્યા કરી હતી. ક્યારેક વિદર્ભમાં ખેડૂતોની આત્મહત્યાઓના નામે ચૂંટણી સભાઓ ગજવાતી હતી, પણ સ્થિતિ એની એ જ અથવા એનાથી બદતર બની રહી છે. વર્ષ ૨૦૧૯ દરમિયાન ૪૩,૦૦૦ ખેડૂત અને દહાડિયા મજૂરોએ આત્મહત્યા કરી હતી, જે અત્યંત ચિંતાજનક ગણી શકાય. ખેડૂતો કે ખેતમજૂરોની આત્મહત્યાઓ રોકવા માટે શું પગલાં લેવાં એ અંગે ભલામણો કરવા માટે સરકારો નિષ્ણાતોની સમિતિઓ નિયુક્ત કરે છે અને એની ભલામણો મુજબ ખાસ પેકેજ પણ જાહેર થાય છે, પરંતુ આત્મહત્યાઓનો દોર અટકતો નથી. વર્ષ ૧૯૮૭ના ભારતીય આર્થિક સેવાના અધિકારી અને વર્તમાન કેન્દ્ર સરકારના કૃષિ વિષયક વરિષ્ઠ સલાહકાર પી.સી.બોધ થકી વર્ષ ૨૦૧૯માં જ લખાયેલા પુસ્તક "ફાર્મર્સ સુસાઈડ્સ ઈન ઈન્ડિયા: અ પોલિસી મેલિગ્નસી" (ભારતમાં ખેડૂતોની આત્મહત્યાઓ: નીતિગત ઘાતકતા)માં એમણે ભવિષ્ય ભાખ્યું છે કે ભારતમાં જે રીતે લાખો ખેડૂતો આત્મહત્યા કરે છે અને એ વલણ નિરંકુશ આગળ વધી રહ્યું છે એ જોતાં ભારત વિશ્વમાં આત્મહત્યાઓની રાજધાની થવા ભણી ધકેલાઈ રહ્યું છે. ૧૯૯૫થી અત્યાર લગી ૪ લાખ કરતાં વધુ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. ખેતમજૂરો અને દહાડિયા મજૂરોમાં પણ આત્મહત્યાનું પ્રમાણ વધી રહ્યું છે એ જોતાં આ વલણ સમગ્ર રાષ્ટ્ર માટે ચિંતાનો વિષય છે. ભાજપ કે કોંગ્રેસની સરકારોને આ માટે દોષ દેવાને બદલે બધાએ સાથે મળીને આ વલણને નાથવું રહ્યું. ભારત સરકારે હમણાં જે આંકડા બહાર પાડ્યા છે એમાં પશ્ચિમ બંગાળ, બિહાર, ઓડિશા, ઉત્તરાખંડ,ગોવા, મણિપુર, ચંડીગઢ, દમણ અને દીવ, દિલ્હી, લક્ષ્યદીપ તથા પુડુચેરીમાં ખેડૂતો કે ખેતમજૂરોના આત્મહત્યાના બનાવો શૂન્ય નોંધાયા હોવા છતાં બહુ હરખ કરવાની જરૂર નથી.રાષ્ટ્રીય ચિંતન અને સમગ્રપણે આત્મહત્યાઓને રોકવાની રાષ્ટ્રીય જાગૃતિ અને નીતિ અનિવાર્ય બને છે.

**આત્મહત્યા માત્ર આર્થિક કારણે નહીં**

કેન્દ્ર સરકારે જાહેર કરેલા ગુનાખોરીના આંકડાઓ રાજ્યોની પોલીસના ચોપડે નોંધાયેલા અને કેન્દ્રના બ્યૂરોને અપાયેલા આંકડાઓ હોય છે. એટલે એ સત્તાવાર ખરા, પણ એ સત્ય જ ગણાય એવું માની લેવું વધુ પડતું કહેવાય. જોકે કેન્દ્રના ગૃહ મંત્રાલય હેઠળ આવતા આ બ્યૂરોના આંકડાને આધાર તરીકે તો સ્વીકારવા પડે. કેન્દ્ર અને મોટાભાગનાં રાજ્યોમાં ભાજપની સરકાર હોવા છતાં ગુજરાત ભાજપના પ્રવક્તા કિશનસિંહ સોલંકી અમારી સાથેની ટીવી ચર્ચામાં આને "આંકડાઓની માયાજાળ" ગણાવે ત્યારે એમના કથનનો અર્થ શો કરવો એ સમજી શકાય છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૯ દરમિયાન ૭૬૫૫ વ્યક્તિઓએ આત્મહત્યા કરી એ ચિંતાનો વિષય ખરો, પણ એને મહારાષ્ટ્રના ૧૫૯૧૬ કે મધ્યપ્રદેશના ૧૨૪૫૭ના કે પશ્ચિમ બંગાળમાં ૧૨૬૬૫ આત્મહત્યાઓના આંકડાથી ઓછો ગણીને સંતોષ લેવા જેવું તો નથી જ. ફલાણા રાજ્ય કરતાં અમારા રાજ્યમાં ગુના ઓછા નોંધાયા એનો હરખ કરાય નહીં. વળી, કર્ણાટકમાં ભાજપનું શાસન છે અને ૧૧૨૮૮ લોકોએ આત્મહત્યા કરી કે રાજસ્થાનમાં કોંગ્રેસનું શાસન છે અને માત્ર ૪૫૩૧ લોકોએ આત્મહત્યા કરી; એવી તુલના કરવાનું પણ યોગ્ય નથી. બધી જ આત્મહત્યાઓ આર્થિક કારણોસર થાય છે એવું નથી. ગુજરાતમાં લગ્ન અને પ્રણયના સંબંધોમાં ખટાશને કારણે આત્મહત્યાઓનું પ્રમાણ ખાસ્સું વધુ છે. તમિળનાડુમાં વર્ષ ૨૦૧૯ દરમિયાન ૧૩૪૯૩ અને કેરળમાં ૮૫૫૬ લોકોએ આત્મહત્યા કરી એ ચિંતાનો વિષય દિલ્હી માટે પણ છે જ. કોરોનામાં કયા રાજ્યમાં કેટલા કેસ નોંધાયા અને અમારા રાજ્યમાં તો એના કરતાં ઓછા નોંધાયા કે ઓછા લોકોનાં મૃત્યુ થયાં એવી હાસ્યાસ્પદ તુલના કરીને સનદી અધિકારીઓ પોતાની છબી ચમકાવવાની કોશિશ કરે ત્યારે હસવું કે રડવું એ જ નથી સમજાતું. ભારતના રાજકીય નેતાઓની જેમ હવે સનદી અધિકારીઓ પણ રાજકીય અનુકૂળતા મુજબનાં નિવેદનો કરતા થયા છે.

- **કૃષિ મંત્રાલયના સલાહકાર પી.સી.બોધની ચિંતાજનક ભવિષ્યવાણી સાચી પડતી લાગે છે**
- **વર્ષ ૧૯૯૫થી દેશમાં ચાર લાખ ખેડૂતોએ વિવિધ કારણોસર જીવન ટૂંકાવવાનું પસંદ કર્યું**
- **ભારત સરકારે જાહેર કરેલા રાજ્યવાર તાજા આંકડાઓ સર્વપક્ષી સરકારો માટે શરમજનક**
- **સપ્ટેમ્બર ૨૦૨૦માં જાહેર થયું કે છેલ્લાં ત્રણ વર્ષમાં દર વર્ષે ૧,૩૦,૦૦૦ આત્મહત્યા થઈ!**

**યુવા પેઢીમાં આત્મહત્યાનું વધુ પ્રમાણ**

ભોપાલમાં ભાજપની સરકારે તો ભૂટાનની જેમ જ સુખાકારી અંગેનો વિભાગ ખોલ્યો પણ આત્મહત્યાઓ અને ગુનાખોરીમાં તો એ અગ્રક્રમે છે જ. માત્ર સ્ટંટ કરવા પૂરતી આવી જાહેરાતો કે યોજનાઓ થકી લોકોમાં આત્મહત્યા કે ગુનાખોરીનું પ્રમાણ અટકતું નથી. વર્ષ ૨૦૧૭, ૨૦૧૮ અને ૨૦૧૯ દરમિયાન સૌથી વધુ આત્મહત્યાનું પ્રમાણ જે રાજ્યોમાં નોંધાયું તેમાં મહારાષ્ટ્ર ટોચના ક્રમે રહ્યું છે. એ પછી તમિળનાડુ, પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ અને કર્ણાટક રહ્યાં છે. ખેડૂતોની આત્મહત્યાઓ પશ્ચિમ બંગાળમાં નથી થતી એ માટે જમીન સુધારા જવાબદાર લેખાવા જોઈએ. ઘણીવાર સરકારી આંકડાઓમાં ટકાવારી દર્શાવીને તુલના રજૂ કરવામાં વાસ્તવિક આંકડાઓ છુપાવવાનો પ્રયાસ પણ થાય છે. જે રાજ્યોમાં ખેડૂતો કે અન્યોની આત્મહત્યાઓ વધુ પ્રમાણમાં થાય છે એ અંગે પોલીસને ચોપડે કારણો નોંધવામાં પણ ચેડાં થાય છે અથવા વાસ્તવિક કારણોને બદલે ભળતાં જ કારણ નોંધવામાં આવે છે. કેન્દ્ર સરકારના આંકડાઓ અને ગ્રાફમાં દર્શાવાયું છે એ મુજબ, વર્ષ ૨૦૧૯માં દહાડિયા મજૂરો અને ગૃહિણીઓએ સૌથી વધુ આપઘાત કર્યા છે. બેરોજગાર લોકોના આપઘાતનું પ્રમાણ એનાથી ઓછું છે. પ્રોફેશનલ્સ કે પગારદાર લોકોના આપઘાત અને સ્વરોજગારવાળા લોકોમાં આત્મહત્યાનું પ્રમાણ એ પછીના ક્રમે આવે છે. વિદ્યાર્થી આત્મહત્યા પણ ચિંતાજનક છે, સાથે જ ખેતીવાડી સાથે જોડાયેલા લોકોમાં પણ વિદ્યાર્થી વર્ગ જેટલા જ પ્રમાણમાં આત્મહત્યાઓ જોવા મળે છે. નિવૃત્ત લોકોમાં પણ એકાદ ટકા જેટલું આત્મહત્યાનું પ્રમાણ નોંધાયું છે.વર્ષ ૨૦૧૯ દરમિયાન સૌથી વધુ આત્મહત્યાના કિસ્સા ૪૫ વર્ષની નીચેના વય જૂથમાં એટલે કે યુવા પેઢીમાં જોવા મળે છે. ૩૦થી ૪૫ વર્ષના વયજૂથ (પુરુષ સ્ત્રી)માં ૩૩૫૧૮ ૧૦૭૬૫, ૧૮થી ૩૦ના વયજૂથમાં ૩૦૮૩૩ ૧૭૯૩૦ અને ૧૮ વર્ષથી નીચેના વયજૂથમાં ૪૪૦૫ ૫૨૦૮ વ્યક્તિની આત્મહત્યાઓ નોંધાઈ હતી. ૬૦થી ઉપરના વયજૂથમાં ૮૩૦૨ ૨૭૦૯ કિસ્સા નોંધાયા. સામાન્ય રીતે રાજકીય આગેવાનો એકમેક પર ખેડૂતો કે અન્ય આત્મહત્યાઓના કેસ સંદર્ભે આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરતા રહે છે, પરંતુ આ સમસ્યા કોઈને બદનામ કરવા માટેની નથી પણ બધાએ સાથે મળીને એના ઈલાજની કોશિશ કરવાની રહે છે. સમાજમાં ગુનાખોરી કે માનસિક દબાણના સંજોગો અંગે સમગ્રલક્ષી ઈલાજ હાથ ધરાય અને એનું સાતત્ય જળવાય તે જરૂરી છે.

- haridesai@gmail.com